# *HMH CARRIER CLINIC*

***Belle Mead, NJ 08502 (908) 281-1000***

| | |
|---|---|
| **શીર્ષકઃ નાણાકિય સહાય નીતિ** | પ્રકરણઃ નાણાકિય |
| તૈયાર કરનાર:, નિર્દેશક બિલીંગ, નિર્દેશક મેનેજ્ડ કેર અને VP/ CFO | **લાભાર્થીઃ**<br>▪ તમામ સ્ટાફ |
| **તૈયાર કર્યા તારીખઃ** 12 /15<br>**સુધારો કર્યા તારીખઃ** 1/18, 4/19, 11/19<br>**સમીક્ષા કર્યા તારીખ (T):** | **7 પાના** |
| **સંદર્ભઃ** ફેડરલ અને રાજ્ય કાયદાઓ, વિનિયમો, દિશાસૂચનો અને નીતિઓ | કાર્યપાલક અધિકારીનાં હસ્તાક્ષરઃ ઉપાધ્યક્ષ, CFO |

***પરિચયઃ***

જે સમુદાયને કંપની પોતે સેવા પુરી પાડે છે તે સમુદાયમાં ઉપલબ્ધ સંસાધનોને આધીન સુસ્વાસ્થ્ય સંબંધી કામગીરીને પ્રોત્સાહિત કરવા અંગેના પોતાના ધ્યેયનાં અનુસંધાનમાં HMH Carrier Clinic આ સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ1 માટે નાણા ચૂકવી શકવા અક્ષમ હોય તેવા બિનવીમાકૃત અથવા આંશિક વીમાકૃત દર્દીઓને નિઃશુલ્ક અથવા ઓછાં દરે સારવાર અને સેવાઓ રૂપે વખતોવખત નાણાકિય સહાય પુરી પાડશે.[1] આમ કરવા માટે HMH Carrier Clinic દ્વારા નાણાકિય સહાય નીતિ (FAP)ની સ્થાપના કરવામાં આવી છે. જેનો હેતુ એ બાબત સુનિશ્ચિત કરવાનો છે કે નાણાકિય સહાય પૂરી પાડવાનો નિર્ણય એકસમાન અને હેતુલક્ષી માપદંડો પર આધારિત હોય તેમજ નાણાકિય સહાયની જરૂર હોઈ શકે તેવા દર્દીઓને ઓળખવાની અને તેઓને સહાય પુરી પાડવાની ચોક્કસ પ્રક્રિયાઓ અને કાર્યવાહીઓ અસ્તિત્વ ધરાવતી હોય.

***હેતુઃ***

નાણાકિય સહાય ઉપલબ્ધતા અંગે દર્દીઓને જાણકારી આપવાનો, દર્દીઓને નાણાકિય સહાય માટે અરજી કરવાની અને તેને લાયક ઠરવાની તક આપવાનો તેમજ IRC ની કલમ 501(r)નું અનુપાલન કરવાનો જેમાં આંશિકપણે નીચે જણાવેલ જરૂરિયાતોનો સમાવેશ થાય છેઃ

[1]કોઈપણ પ્રકારના કો-પેમેન્ટ અને કપાત સંબંધી જરૂરિયાતો પૂરી કરવામાં અક્ષમ હોય તેવા વીમાકૃત દર્દીઓનું આ જવાબદારીઓ હેઠળની ચૂકવણીઓ જતી કરવા માટે કોર્પોરેટ પોલીસી ઑન ડાયરેક્ટ-ટુ-કન્ઝ્યુમર માર્કેટીંગ અને પેશન્ટ વેઈવર્સ ઑફ કો-પેમેન્ટ્સ એન્ડ ડીડક્ટીબલ્સ હેઠળ મૂલ્યાંકન કરવામાં આવશે.

1. નાણાકિય સહાય નીતિ જાળવવી,
2. આ નીતિને આધીન દર્દીઓને ઉપલબ્ધ સંસાધનો અંગે જાણકારી આપવી,
3. આ નીતિ સંબંધિત તમામ દસ્તાવેજો દર્દીઓને નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવા,
4. EMTALA પ્રમાણે ઈમર્જન્સી ચિકિત્સકિય સારવાર પૂરી પાડવી,
5. નાણાકિય સહાય માટે લાયક હોય તેવી વ્યક્તિઓ માટે ચૂકવવાપાત્ર રકમની મર્યાદા નક્કી કરવી, અને
6. નાણાકિય સહાય માટે જે-તે વ્યક્તિની લાયકાત નક્કી કર્યા અગાઉ અસાધારણ કલેક્શન પ્રવૃત્તિ મર્યાદિત કરવી

*વ્યાખ્યાઓઃ*

- "નાણાકિય સહાય" એટલે બિનવીમાકૃત અથવા આંશિકપણે વીમાકૃત દર્દીઓને આપવામાં આવતી નાણાકિય સહાય જેઓ પોતાના સરકારી અથવા વાણિજ્યિક વીમા લાભો દ્વારા આવરી લેવામાં આવેલ ન હોય તેવી કોઈપણ કપાત, સહ-ચૂકવણી અથવા શેષ રકમ માટે નાણાકિય મુશ્કેલી સાબિત કરે અને આવા કિસ્સામાં તેઓ ફેડરલ દિશાસૂચનો પ્રમાણે "ઉપલબ્ધ ઘરેલું સ્ત્રોત" નાં આધારે નાણાકિય સહાય માટે લાયક ઠરી શકે.

- "બિનવીમાકૃત" એટલે એવો દર્દી જે પોતાની ચૂકવણી સંબંધી જવાબદારીઓ નિભાવી શકવા માટે થર્ડ પાર્ટી કે વીમા કંપની પાસેથી સહાય મેળવી શકવાનું કોઈ સ્તર ધરાવતો ન હોય.

- "આંશિકપણે વીમાકૃત" એટલે એવો દર્દી જે વીમાકંપની અથવા થર્ડ પાર્ટી પાસેથી સહાય મેળવી શકવા માટે થોડું ઘણું સ્તર ધરાવતો હોય, પરંતુ તેમ છતાં કેટલાંક પ્રમાણમાં આઉટ ઑફ પૉકેટ ખર્ચ ધરાવતો હોય જે તેની નાણાકિય જવાબદારીઓ કરતાં સંભવિતપણે વધુ હોય.

- "ઉપલબ્ધ ઘરેલુ સ્ત્રોતો, (AHR)" એટલે જો દર્દી પુખ્ત વયના સભ્ય (એટલે કે, લગ્ન, દત્તક, અથવા લોહીનો સંબંધ ધરાવતી વ્યક્તિ) સાથે રહેતો હોય, તો દર્દી તેમજ પરિવારનાં તમામ સભ્યો દ્વારા ઉપાર્જીત કરવામાં આવતી અથવા તેઓની માલિકીની તમામ આવક અને મિલકતોનો સરવાળો. આવો પુખ્તવયનો સભ્ય(ભ્યો) દર્દીના ઘરનો હિસ્સો ગણાશે અને આવા સભ્ય(ભ્યો)ની આવક અને મિલકતોને દર્દીની આવક અને મિલકતો ઉપરાંત કુલ AHR નક્કી કરવા માટે ગણતરીમાં લેવામાં આવશે, પછી ભલે દર્દીનો ઉલ્લેખ તે સભ્ય(ભ્યો)નાં આવકવેરાં રિટર્ન્સમાં પરાવલંબી વ્યક્તિ તરીકે કરવામાં આવ્યો હોય કે ન કરવામાં હોય. અંહી નોંધવામાં આવેલ નાણાકિય શ્રેણીઓ અંગેની વધુ વિગતોનું વર્ણન નાણાકિય સહાય માટેનાં

અરજીપત્રકમાં કરવામાં આવ્યું છે.

*નીતિ:*

**1.** નાણાકિય સહાયકની ઉપલબ્ધતા અંગેની સૂચના. HMH Carrier Clinic તેના દર્દીઓ માટે કેટલીક ચોક્કસ નાણાકિય શરતો અને સ્ત્રોતોને અધિન નાણાકિય સહાય સુલભ બનાવે છે. તમામ દર્દીઓને નાણાકિય સહાયની ઉપલબ્ધતા અંગે જાણ કરવામાં આવશે. આ માટે હોસ્પિટલનાં સમગ્ર કેમ્પસમાં સાઈન બોર્ડ લગાવવામાં આવશે તેમજ HMH Carrier Clinicની વેબસાઈટ પર સંબંધિત માહિતી મૂકવામાં આવે છે, તેમજ હોસ્પિટલમાં દાખલ થતી વખતે તેમજ હોસ્પિટલમાંથી રજા લેતી વખતે આ નીતિનો "સરળ ભાષામાં સારાંશ" (PLS) દર્દીને, તેના પરિવારને અને/અથવા ગેરંટરને વ્યવહારું ઢબે પૂરો પાડવામાં આવે છે.

જો દાખલ થયા પછી દર્દી, તેનો પરિવાર અને/અથવા ગેરંટર વધુ વિગતો મેળવવા ઇચ્છતાં હોય, તો તેઓ પેશન્ટ સર્વિસ રિપ્રેઝન્ટેટીવ અથવા સોશ્યિલ સર્વિસ ડિપાર્ટમેન્ટ રિપ્રેઝન્ટેટીવનો સંપર્ક કરીને નાણાકિય સહાય નીતિ અને/અથવા નાણાકિય સહાય માટેના અરજીપત્રકની નકલ મેળવી શકે છે અથવા હોસ્પિટલમાંથી રજા લેતી વખતે પેશન્ટ સર્વિસ રિપ્રેઝન્ટેટીવ (908-281-1624)નો સંપર્ક કરીને મેળવી શકે છે અથવા HMH Carrier Clinic ની વેબસાઈટ પરથી આવી માહિતી મેળવી શકે છે. https://carrierclinic.org/2019/08/09/carrier-clinics-financial-assistance-policy/

**2.** <u>લાગુ પડવા અંગે.</u> આ નીતિ હેઠળની નાણાકિય સહાય એટલે લાયક દર્દીઓને HMH Carrier Clinicનાં વેતન-પ્રાપ્ત લાયસન્સ્ડ ઈન્ડિપેન્ડન્ટ પ્રેક્ટિશ્નર (LIP's) દ્વારા પૂરી પાડવામાં આવતી ચિકિત્સકિય દ્રષ્ટિએ જરૂરી સ્વાસ્થ્ય સંબંધી સારવારજન્ય સેવાઓ અને સામગ્રીરૂપી નાણાકિય સહાય. HMH Carrier Clinic ખાતે પોતાની સેવાઓ અને સપ્લાય માટે દર્દીઓ પાસેથી અલગથી નાણા લેતાં બિન-વેતનપ્રાપ્તફિઝિશ્યન્સ અથવા અન્ય પ્રોવાઈડર્સ અને સપ્લાયર્સ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓને નાણાકિય સહાય લાગુ પડશે નહી. પરિશિષ્ટ A- લાયક અને બિનલાયક પ્રોવાઈડર્સની સૂચિ અંહી જોઈ શકાશે: https://carrierclinic.org/2019/08/09/carrier-clinics-financial-assistance-policy/ .

**3.** <u>નાણાકિય સહાય માટે લાયક ઠરવું</u> નાણાકિય સહાય મેળવવા ઈચ્છતાં તમામ દર્દીઓએ **નાણાકિય સહાય માટેનું અરજીપત્રક ("અરજીપત્રક")** સંપૂર્ણપણે ભરવું અનિવાર્ય છે જેમાં અરજીપત્રકમાં દર્શાવ્યા પ્રમાણેનાં સંબંધિત વ્યક્તિગત અને પરિવાર સંબંધી નાણાકિય દસ્તાવેજો

પૂરાં પાડવા જેવી બાબતનો સમાવેશ થાય છે. લાયકાત નક્કી કરવાનો અંગેનો નિર્ણય સ્લાઈડિંગ સ્કેલના આધારે યુનાઇટેડ સ્ટેટ્સ ડીપાર્ટમેન્ટ ઑફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસીઝ ફેડરલ પોવર્ટી ગાઈડલાઈન્સ (US DHHS FPG) અનુસાર કુલ ઉપલબ્ધ ઘરેલું સ્રોતો (AHR)નાં આધારે લેવામાં આવશે. AHR માં દર્દી અને પરિવારનાં નાણાકિય સ્રોતો ઉપરાંત આટલી બાબતોનો સમાવેશ થાય છેઃ આવકના તમામ સ્રોત, ઈન્વેસ્ટમેન્ટ્સ, મ્યુચ્યુઅલ ફંડ્સ, સેવિંગ્સ, ચેકીંગ્સ ખાતાઓમાં બેલેન્સ, અરજીપત્રકમાંવધુ વ્યાખ્યાયિત કરાયા પ્રમાણે પ્રાથમિક રેહણાંક સિવાયની કેટલીક સ્થાવર મિલકતો. *અરજીપત્રકમાં* નાણાકિય સહાય પૂરી પાડવા સંબંધી મૂલ્યાંકન અને નિર્ણય અંગે ધ્યાનમાં લેવાનાર અન્ય્ સ્રોતો અંગેની વિગતો પણ આપવામાં આવી છે જે સંપૂર્ણપણે દર્દી, તેના પરિવાર અથવા ગેરંટર દ્વારા પૂરા પાડવામાં આવતી માહિતી અને દસ્તાવેજો પર આધારિત હશે.

- નાણાકિય સહાય ઈનપેશન્ટ અને ડિટોક્સીફિકેશન પૂરું પાડવા અંગેની ચિકિત્સકિય સારવારનાં માપદંડો સંતોષતાં Somerset County નાં રહેવાસીઓને લાગુ પડતી નથી, પરંતુ તેઓ Carrier Clinicમાં Somerset County પ્રકરણ 51 ફંડીંગ ગ્રાન્ટ માટે લાયક છે.

સંપૂર્ણપણે ભરેલ અરજીપત્રક મળ્યા તારીખથી 45 દિવસમાં અરજી તેમજ સહાયક દસ્તાવેજોની સમીક્ષા કરાવ્યા બાદ દર્દી અને/અથવા તેના ગેરંટરને (જો લાગુ પડતું હોય તો) લેખિતમાં તે *અરજીપત્ર* સંબંધમાં લેવાયેલ નિર્ણય અંગે તેમજ કંઈ બાકી હોય તો તે અંગે જાણ કરવામાં આવશે. આવા નિર્ણય અંગે કોઈ પ્રશ્ન હોય, તો પેશન્ટ નાણાકિય સેવાઓનાં નિર્દેશકને (908-281-1526) જાણ કરી શકાશે. અરજીપત્રક હોસ્પિટલ ખાતે તેમજ HMH Carrier Clinicની વેબસાઈટઃ પર ઉપલબ્ધ છે. https://carrierclinic.org/2019/08/09/carrier-clinics-financial-assistance-policy/

4. નાણાકિય સહાય વળતરની ટકાવારી. મંજૂર કરાયેલ નાણાકિય સહાય પૂરાં પાડવામાં આવેલ દસ્તાવેજનાં આધારે ઘરેલુ સ્રોતો (AHR) તેમજ US DHHS FPGs નો ઉપયોગ કરીને નક્કી કરાયેલ સ્લાઈડીંગ સ્કેલ પર નીચે પ્રમાણે આધારિત હશેઃ HMH Carrier Clinic આ નીતિની જોગવાઈઓ પ્રમાણે નોટીસ આપીને ઘરેલું આવક મિલકતોની સમીક્ષા કરવામાં ધ્યાનમાં લેવાયેલ માપદંડોમાં ફેરફાર કરવાનો અધિકાર અનામત રાખે છે.

## 2019 FINANCIAL ASSISTANCE PROGRAM (FAP)

SLIDING SCALE PERCENTAGE REDUCTION

| FAMILY SIZE | 0% | 10% | 20% | 30% | 40% | 50% | 60% | 70% | 80% | 90% | 100% |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 37,470 | 34,972 | 32,474 | 29,976 | 27,478 | 24,980 | 22,482 | 19,984 | 17,486 | 14,988 | 12,490 |
| | OR MORE | 37,469 | 34,971 | 32,473 | 29,975 | 27,477 | 24,979 | 22,481 | 19,983 | 17,485 | 14,987 |
| 2 | 50,730 | 47,348 | 43,966 | 40,584 | 37,202 | 33,820 | 30,438 | 27,056 | 23,674 | 20,292 | 16,910 |
| | OR MORE | 50,729 | 47,347 | 43,965 | 40,583 | 37,201 | 33,819 | 30,437 | 27,055 | 23,673 | 20,291 |
| 3 | 63,990 | 59,724 | 55,458 | 51,192 | 46,926 | 42,660 | 38,394 | 34,128 | 29,862 | 25,596 | 21,330 |
| | OR MORE | 63,989 | 59,723 | 55,457 | 51,191 | 46,925 | 42,659 | 38,393 | 34,127 | 29,861 | 25,595 |
| 4 | 77,250 | 72,100 | 66,950 | 61,800 | 56,650 | 51,500 | 46,350 | 41,200 | 36,050 | 30,900 | 25,750 |
| | OR MORE | 77,249 | 72,099 | 66,949 | 61,799 | 56,649 | 51,499 | 46,349 | 41,199 | 36,049 | 30,899 |
| 5 | 90,510 | 84,476 | 78,442 | 72,408 | 66,374 | 60,340 | 54,306 | 48,272 | 42,238 | 36,204 | 30,170 |
| | OR MORE | 90,509 | 84,475 | 78,441 | 72,407 | 66,373 | 60,339 | 54,305 | 48,271 | 42,237 | 36,203 |
| 6 | 103,770 | 96,852 | 89,934 | 83,016 | 76,098 | 69,180 | 62,262 | 55,344 | 48,426 | 41,508 | 34,590 |
| | OR MORE | 103,769 | 96,851 | 89,933 | 83,015 | 76,097 | 69,179 | 62,261 | 55,343 | 48,425 | 41,507 |
| 7 | 117,030 | 109,228 | 101,426 | 93,624 | 85,822 | 78,020 | 70,218 | 62,416 | 54,614 | 46,812 | 39,010 |
| | OR MORE | 117,029 | 109,227 | 101,425 | 93,623 | 85,821 | 78,019 | 70,217 | 62,415 | 54,613 | 46,811 |
| 8 | 130,290 | 121,604 | 112,918 | 104,232 | 95,546 | 86,860 | 78,174 | 69,488 | 60,802 | 52,116 | 43,430 |
| | OR MORE | 130,289 | 121,603 | 112,917 | 104,231 | 95,545 | 86,859 | 78,173 | 69,487 | 60,801 | 52,115 |

5. સામાન્ય રીતે ચૂકવવાપાત્ર રકમ (AGB) અને બાકી રકમની ગણતરી. નાણાકિય સહાય માટે લાયક વ્યક્તિઓ પાસેથી ઈમર્જન્સી અને ચિકિત્સકિય દ્રષ્ટિએ જરૂરી હોય તેવી સારવાર માટે આવી સારવાર માટે વીમાકૃત હોય તેવી વ્યક્તિઓને ચૂકવવી પડતી AGB ની રકમ કરતાં વધુ રકમ લેવામાં આવશે નહી. AGB પર વળતર ટકાવારી લાગુ પડશે. સાઈકીયાટ્રીક સેવાઓ માટે મેડીકેર ઈનપેશન્ટ સાઈકીયાટ્રીક ફેસીલીટી પ્રોસ્પેક્ટીવ પેમેન્ટ સિસ્ટમ (IPF PPS) તથા એડીક્શન સંબંધી સેવાઓ માટે બધા વીમાઓનાં આધારે AGB ની ગણતરી લુક-બેક પદ્ધતિનો ઉપયોગ કરીને નીચે પ્રમાણે કરવામાં આવે છે:

   સાઈકીયાટ્રીક સેવાઓ AGB ટકાવારી
   a) ઈનપેશન્ટ 42.9%
   b) આઉટપેશન્ટ 53.9%
   એડીક્શન સેવાઓ AGB% 49.9% છે

   AGB એડજસ્ટમેન્ટ લાગુ કર્યા પછી પરિણામી રકમ ઉપરોક્ત ફકરા (3)માં દર્શાવ્યા પ્રમાણે લાગુ પડતી વળતર ટકાવારીને પાત્ર છે. વળતર ટકાવારી લાગુ કર્યા પછી બાકી રહેતી કોઈપણ રકમ પેશન્ટ અને/અથવા ગેરંટર પાસેથી વસુલવામાં આવશે.

6. બિન-ચૂકવણીની અસર: વળતર ટકાવારી લાગુ કર્યા પછી બાકી રહેતી રકમ સ્ટાન્ડર્ડ HMH Carrier Clinic બિલીંગ અને કલેક્શન પ્રણાલિકા અનુસાર સમયસર ચૂકવણીને પાત્ર છે. બાકી રહેતી બિલની રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી ઉઘરાણીલક્ષી વિવિધ પગલાંઓ લેવામાં આવે

તેવું બની શકે છે જેમાં બાહ્ય કલેક્શન એજન્સીને એકાઉન્ટ સોંપવાની બાબતનો પણ સમાવેશ થાય છે. વધુ માહિતી માટે **બિલીંગ અને કલેક્શન નીતિ** જુઓ. જેની નકલ https://carrierclinic.org/2019/08/09/carrier-clinics-financial-assistance-policy/પર ઉપલબ્ધ છે.

**7.** સ્ત્રોત મર્યાદા: બોર્ડ ઑફ ટ્રસ્ટીઝ દ્વારા મંજૂર કરાયા પ્રમાણે નાણાકિય સહાય અંગેની જોગવાઈનો વાર્ષિક બજેટમાં સમાવેશ કરવામાં આવશે.

**8.** અન્ય લાભો પહેલાં લાગુ. દર્દીઓને નાણાકિય સહાય મળી શકે તે પહેલાં તેઓ મેડીકેઈડ તેમજ અન્ય લાગુ પડતાં વીમા કવચ અને સરકારી સહાય કાર્યક્રમો સંબંધી વિકલ્પોનું અન્વેષણ કરે (અને અરજી કરે, ઉપલબ્ધ હોય તેટલી માત્રા સુધી) ત્યાર પછી જ નાણાકિય સહાય મેળવવા માટે તેઓ લાયક ઠરી શકે. વીમા પોલિસીના દિશાસૂચનો (એટલે કે અપિલ, રેફરલ્સ તથા બિન-અધિકૃત સેવાઓ)નું અનુપાલન ન કરવા પર કે ઉપલબ્ધ સરકારી સહાય કાર્યક્રમોનો લાભ ન લેવા પર HMH Carrier Clinic તેની વિવેકબુદ્ધિ અનુસાર નક્કી કરીને નાણાકિય સહાય રોકે તેવું બની શકે.

**9.** ભેદભાવરહિત નીતિ: આ નીતિમાં સમાવિષ્ટ જોગવાઈઓ હેઠળ કોઈપણ દર્દીને તેઓની જાતિ, લિંગ, વંશ, ઉદ્દભવ, નાગરિકતા કે સ્થળાંતર આધારિત સ્થિતિના આધારે નાણાકિય સહાય આપવાનો ઈન્કાર કરવામાં આવશે નહી. નાણા ચૂકવી શકવાની ક્ષમતા સંબંધી સંજોગો વ્યક્તિગત રીતે તપાસ્યા બાદ ચૂકવવાપાત્ર સેવાઓની સંપૂર્ણ અથવા આંશિક રકમ અથવા આઉટ ઑફ પૉકેટ નાણાકિય જવાબદારીઓની રકમ દર્દી પોતે અને તેનો અથવા તેણીનો ગેરંટર ચૂકવી શકે તેમ નથી તેવું નક્કી થવા પર તેવા દર્દીઓને નાણાકિય સહાય પૂરી પાડવામાં આવશે.

**10.** સર્વગ્રાહી નીતિ: આ નીતિમાં જણાવેલ જોગવાઈઓમાં સમાવિષ્ટ ન હોય તેવા કોઇપણ કિસ્સામાં HMH Carrier Clinic દ્વારા બિનવીમાકૃત અથવા આંશિક રીતે વીમાકૃત દર્દીઓને કોઈપણ પ્રકારની નાણાકિય સહાય પૂરી પાડવામાં આવશે નહી.

**11.** EMTALA હેઠળની જવાબદારીઓને અસર થતી નથી. ઉપર જણાવેલ બાબતોને ધ્યાનમાં ન લેતાં, HMH Carrier Clinic તેના વેતન-પ્રાપ્ત લાયસન્સ્ડ ઈન્ડિપેન્ડન્ટ પ્રેક્ટિશનર્સ દ્વારા કોઈપણ જાતના ભેદભાવ સિવાય ઈમર્જન્સી ચિકિત્સકિય સ્થિતિઓ (સોશ્યિલ સિક્યોરીટી એક્ટ 42 USC 1395dd ની કલમ 1867માં કરાયેલ અર્થ પ્રમાણેની) માટે જરૂરી સારવાર આવી સારવાર ઈચ્છતી દરેક વ્યક્તિને પૂરી પાડશે અને આમ કરતી વખતે જે-તે વ્યક્તિ નાણા ચૂકવવા માટે સક્ષમ છે કે નહી અથવા આ નીતિ હેઠળ નાણાકીય સહાય મેળવવા લાયક છે કે નહી તે બાબત ધ્યાનમાં લેશે

નહી. જુઓ HMH Carrier Clinicની **[EMTALA પોલિસી**].

**12.** ભાષાંતર. આ નીતિ તેમજ અત્રે તેમજ બિલીંગ અને કલેક્શન નીતિમાં ઉલ્લિખિતતમામ સંબંધિત દસ્તાવેજોનું સંસ્થાનાં છેલ્લાં કોમ્યુનિટી હેલ્થ નીડ્સ એસેસમેન્ટ રિપોર્ટમાં ઓળખી કાઢવામાં આવેલ ગ્રાહકોની ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવ્યું છે. આ ભાષાંતર વિનંતી કરેથી નિઃશુલ્ક ઉપલબ્ધ છે તેમજ પર પણ ઉપલબ્ધ છે: https://carrierclinic.org/2019/08/09/carrier-clinics-financial-assistance-policy/

**13.** વહીવટીમંડળ દ્વારા મંજૂરી-પ્રાપ્ત નીતિ. આ પોલિસી તેમજ તે અંગેનાં તમામ સુધારાવધારાઓને સંસ્થાના અગ્રણીઓ તેમજ બોર્ડ ઑફ ટ્રસ્ટીઝ દ્વારા સમીક્ષા કરીને મંજૂરી આપવામાં આવી છે.